**UNITED INTERNATIONAL**

**GUJAJARATI CHRISTIAN SOCIETY**

**NEW YORK & NEW JERSEY**

Phone # (732) 855-0596 ⌗ email:jospausa@yahoo.com

*(A NOT-FOR-PROFIT ORGANIZATION, Estd. 1988)*

# AMERICAN CHRISTIAN NEWS

# અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ

**FOUNDER: Lt. REV. MANUBHAI V. CHRISTIAN**

**EDITOR: JOSEPH PARMAR**

Issue-104 Year: 33 November-December-2012



**તંત્રીની કલમે આ પત્ર**...ઓક્ટોબર 2012ના મહિનામાં અમેરિકાના પૂર્વ દરિયાકાંઠેના વિસ્તારમાં “સેંડી હરિકેન” નામનું વાવાઝોડું ઘણો વિનાશ કરી ગયું. કરોડો ડોલરની માલમિલકત નાશ પામી. 110 ઉપરાંત જાનહાની અને કરોડો લોકો બેથી પંદર દિવસો સુધી ‘ઈલેક્ટ્રીક પાવર’ વિના ભારે હાડમારીમાં રહ્યા. ન્યુ જર્સી, ન્યુયોર્ક અને સ્ટેટન આયલેન્ડના વસાહતીઓ અતિભારે હાલાકીમાં મૂકાઈ ગયાં હતાં. ન્યુયોર્કની બધી ટનલોમાં બેથી ચાર ફૂટ પાણી ભરાયાં હતાં, જે ટનલોના ઈતિહાસમાં સૌપ્રથમ બન્યું છે! દરિયાકાંઠે વસતાં પરિવારોએ પોતાનાં મકાનો નાશ થતાં જોયાં છે. રસ્તામાં બેસુમાર કાટમાળ, વૃક્ષો પડ્યાંના અંતરાવોથી પરિવહનની સમસ્યા ઉદભવી હતી. ન્યુયોર્કની ‘સબવે’ ઠપ થઈ ગઈ હતી. બસો પણ બેત્રણ દિવસ સુધી શરૂ થઈ શકી નહોતી. લાખો લોકોને રાહત કેમ્પોમાં આશરો અપાયો હતો. સરકારી તંત્ર ખડેપગે રાહત કામગીરીમાં લાગી ગયું હતું. યુધ્ધના ધોરણે હજારો સૈનિકો અને સરકારી કર્મચારીઓ રાતદિવસ રાહત કામગીરીમાં જોડાયા હતા. માનવતાનાં કાર્યો કરતી ‘રેડ ક્રોસ” અને “સાલ્વેશન આર્મી” સંસ્થાઓ સહાય કરવામાં અગ્રેસર રહી. અનેક ચર્ચો સેવાકાર્યમાં જોડાયાં. અસરગ્રસ્તોની સ્થિતિ દયનીય હોવા છતાં કુદરતી સંકટમાંથી બહાર આવવા નૈતિક જુસ્સાથી દિવસો પસાર કરતા હતા. માનવતાને નાતે હજારો સ્વયંસેવકો અમેરિકાનાં અનેક રાજ્યોમાંથી અસરગ્રસ્તને સહાય કરવા આવી પહોંચ્યા હતા. જાનહાની દુ:ખદ છે, ત્યારે લાગે છે કે, કુદરત સામે માનવી વામળો અને લાચાર છે!

સમય જતાં પરિસ્થિતિ સામાન્ય થતી જાય છે, છતાં “સેન્ડી હરિકેન’માંથી કોઈ બોધપાઠ લેવો જોઈએ? દરિયાકાંઠે જ્યાં કુદરતી હોનારતોનું જોખમ વધુ હોય ત્યાં થતાં બાંધકામ ખાસ મજબૂતીવાળાં બંધાય, અથવા મર્યાદિત માત્રામાં બંધાય, વાહનવ્યવહાર ખોટકાય નહિ તેવી કાળજી, જોખમી વિસ્તારોને ઝડપી રાહત અપાય તેવી સીસ્ટમ ગોઠવવી, વગેરે નવેસરથી વિચારવાની જરૂર! કુદરતી હોનારતથી લોકોમાં પ્રભુ પ્રત્યેની શ્રધ્ધા દૃઢ થતી જોવા મળે છે. પ્રભુ પરમેશ્વરની હયાતી સ્વીકારાય છે. જેઓ આ સંકટમાંથી બચી ગયાં છે, તેઓ પ્રભુનો આભાર માને છે. અને સંકટથી બચાવવા પ્રભુને પ્રાર્થના કરનારની સંખ્યા વધી છે. લોકોને સહાયરૂપ થવાની ભાવનામાં વધારો થયો છે!

છઠ્ઠી નવેમ્બર, 2012નો દિવસ અમેરિકાના ઈતિહાસમાં યાદગાર બની રહ્યો! ચાર વર્ષથી અમેરિકાના પ્રમુખ રહીને શ્રી. ઓબામાએ એક નવો જ ઈતિહાસ રચ્યો છે. શ્રી. ઓબામાએ પોતાની બીજી ચાર વર્ષની ટર્મ માટેની ચૂંટણીમાં વિજય મેળવીને અમેરિકાની પરિપક્વ લોકશાહીને ચાર ચાંદ લગાવી દીધા છે. દુનિયામાં અનેક પ્રકારના ભેદભાવો હોવા છતાં, અમેરિકાના શાણા મતદારોએ એક ‘અશ્વેત’ને બીજાં ચાર વર્ષ માટે પોતાના પ્રમુખ ચૂંટ્યા તે નનીસૂની ઘટના નથી! માની લો કે, પ્રથમ વખતે એક ‘અશ્વેત’ તરીકે, શ્રી ઓબામાને પોતાના પ્રમુખ ચૂંટનાર મતદારોએ ‘એક પ્રયોગ’ તરીકે મતો આપ્યા હોય તેમ બને! પણ બીજી ટર્મની એક ‘અશ્વેત’ તરીકેની શ્રી ઓબામાની જીત એક સર્વમાન્ય બાહોશ પ્રમુખ તરીકે તેઓના ચાર વર્ષના ઉમદા શાસક તરીકેની કદર છે! ધન્ય છે અમેરિકન મતદારોને! શ્રી ઓબામા પ્રથમ વેળા અમેરિકાના પ્રમુખપદે આરૂઢ થયા ત્યારે અમેરિકા આર્થિક રીતે ખાડે ગયેલું હતું. છેલ્લાં ચાર વરસોમાં અર્થતંત્રને સ્થિર રાખીને ઓબામા લોકપ્રિય રહ્યા. હવે આવનાર ચાર વરસોમાં અર્થતંત્રને સધ્ધર બનાવી ઊંચાં શિખરો સર કરશે તેવી અમેરિકન નાગરિકોને આશા બંધાઈ છે!

બેત્રણ અંકોથી આપણે “નવા ઈમિગ્રાન્ટ” અને “સ્પોન્સર કરનાર”ની સમસ્યાઓ અંગે ચર્ચા વિચારણા કરી. “સ્પોન્સર કરનાર”ની ઉચ્ચ ભાવનાને બીરદાવવી જોઈએ. “નવા ઈમિગ્રાન્ટ” અમેરિકામાં નવેસરથી જીવન શરૂ કરે છે ત્યારે નવતર દેશ, નવા સંજોગો, નવી ભાષા, નવી કાર્યશૈલી, નવું જ હવામાન અને નવી જ વાહનવ્યવહારની વ્યવસ્થાને કારણે અને ખાસ તો જોબ કે કામ કરવામાં સતત આઠ કલાક જોતરાઈ રહેવાનું કોઈપણ “નવા ઈમિગ્રાન્ટ”ને ગમે જ નહિ! હા, કેમકે, વતનના દેશમાં જોબ દરમિયાન રાહતની જે મજા છે, (જો કે નોકરીના સમય દરમ્યાન મેળવાતી એ મજા ગૌરવ લઈ શકાય તેવી તો નથી જ!) તે અહીં નથી અને તે અસહ્ય લાગે!

“નવા ઈમિગ્રાન્ટ” બે વર્ષ ધીરજ રાખી, થોડી મુશ્કેલીઓ અને અગવડો જણાતી હોય તો તે વેઠીને પરિશ્રમથી જોબમાં મન પરોવે તો અતિ મુશ્કેલ જણાતી સર્વ બાબતો આસાન થતી લાગશે, અમેરિકામાં રહેવાનું ગમશે અને પોતાની આગવી જીવનસફર સહેલી લાગતી જશે! વતનના દેશમાં ‘લાઈફ સ્ટાઈલ’ છે તેની સરખામણી અહીંની ‘લાઈફ સ્ટાઈલ’ સાથે કરવા જેવી છે. આ સરખામણીથી ખ્યાલ આવશે કે, અહીં સવારની દિનચર્યા અને રોજિંદી ખાધાખોરાકી અને આરોગ્યમય હવામાન ઉત્તમ પ્રકારનાં છે! યાદ રહે, “સ્પોન્સર કરનાર” અને “નવા ઈમિગ્રાન્ટે” પરસ્પરના સંબંધો પ્રેમાળ વધુ મીઠાશભર્યા અને દૃઢ બનાવવામાં જ બંનેનું હિત સમાયેલું છે!

---

**Advent: આગમનની ઋતુ** –*રેવ. અનિલ પટેલ (Staten Island, New york)*

**“આગમન”ના પ્રથમ રવિવારની ભક્તિ:-**‘એડવન્ટ’ એટલે બાળઈસુના આગમનની ઝંખના કે ઉત્કંઠા રાખવાનો સમય,અને માતાના ઉદરમાં ગર્ભના પરિપક્વ થવાનો સમયગાળો. આ એક વીં ઋતુ છે, જે સમયેદેવનો આત્મા આપણા જીવાત્મામાં બીજનું આરોપણ કરે છે. જે આપણને અશક્ય લાગે, પરંતુ આ બાબત હકીકતરૂપે છે.

‘એડવન્ટ’ના ચાર રવિવારોની આરાધનાના સમયે સળગાવવામાં આવતી મિણબત્તીઓ બે બાબતોનાં સ્થૂળ સ્વરૂપોનો સંકેત કરે છે. કોઈ પ્રકારના નવીનીકરણ થવાની તીવ્ર ઈચ્છા, અને આવી ઉત્કંઠા પૂર્ણ થશે તેની દૃઢ ખાતરી થવી. આ દિવસો દરમ્યાન ‘એડવન્ટ’ની ગોળ પુષ્પમાળાનો ઉપયોગ કરવો, કે એકલી મિણબત્તીઓ વાપરવી-એ પસંદગી આપે કરવાની છે. મિણબત્તી સળગાવ્યા પહેલાં કે પછીના સમયમાં પૂછાયેલા પ્રશ્નોના અનુસંધાનમાં પ્રાસંગિક આત્મપરીક્ષા કરી ‘એડવન્ટ’ની આ ઋતુની ઉજવણી કરવામાં આવે, તો ખ્રિસ્ત જયંતિનો સાચો અને વાસ્તવિક મર્મ તથા આનંદ તે વ્યક્તિગત બની જશે એ ખાતરીદાયક બાબત છે.

આગેવાન: હું યહોવાહની રાહ જોઉં છું. મારો આત્મા તેની રાહ જુએ છે અને તેના વચનની હું આશા રાખું છું (Ps. 130:5) વાંચો-ગીતશાસ્ત્ર 130 આખું ચેપ્ટર.

પરાવર્તન-મનનયોગ્ય બાબતો:-આપના પોતાના જીવન માટે આપની સૌથી ઊંડી આકાંક્ષા તથા ઝંખના કઈ છે? જેઓ આપની આજુબાજુ વસે છે તેઓ માટે.... આપના સમાજના ઉત્કર્ષ માટે...સમગ્ર વિશ્વ માટે આપની ઉત્કંઠા કેવી છે?

મિણબત્તી સળગાવવામાં આવે- શાંત રહેવું...

લાગુકરણ: આ શાંતિના સમય દરમ્યાન દરેક વ્યક્તિ પોતાના વિચારોને એક જ વાક્યમાં દર્શાવે.

ગીત ૩૬નો છેલ્લો શ્લોક-શાંતિના સરદારને જે! જયકાર આત્મિક રવિને!

પ્રાર્થના: અમારી ઊંડી આશા, હલચલ ઉત્તેજના જગાવનાર જીવતા દેવબાપ અમારા આતુર અને ખુલાં હૃદયો સહિત, ‘એડવન્ટ’ના આ પ્રથમ રવિવારે અમે આપના પાયાસન પાસે આવીએ છીએ. આ દુનિયામાં અનેક પ્રકારના શોરબકોર અને અસ્પષ્ટ અવાજો, જે અમોને ધ્યાનભંગ અને વિચલિત કરે છે, તેવા અવાજ મધ્યેથી અમોને એવું શીખવો કે, આપના આત્માની સહાયથી અમે સત્ય અને અસત્ય અવાજનો ભેદ પારખી લઈને અમે પ્રભુના દૈવી સાદને આધીન થઈએ! અમારી પોતાની આકાંક્ષાઓ તથા ઉત્કંઠાઓની ઉપરવટ અમે આપની સૃષ્ટિ તથા અમારા માટેની આપની દિવ્ય ઝંખના તથા આયોજન પારખી શકીએ એ માટે અમારી મદદ કરો! આપ એવું થવા દ્યો કે આ ‘એડવન્ટ’ની ઋતુ દરમ્યાન અમારામાં તથા અમારાં જીવનો ધ્વારા આપનું નામ બુલંદ તથા મહિમાવાન મનાય! ઈસુ પ્રભુના પ્યારા પવિત્ર નામમાં....આમેન! (નોંધ: “આગમન ઋતુ”ના પ્રથમ રવિવારે ચર્ચમાં કરવામાં આવતી આ વિશિષ્ટ પ્રાર્થના-આરાધના ઉચ્ચ પ્રકારની છે.)



**અમેરિકન ક્રિશ્ચિયન ક્રિશ્ચિયન ન્યૂઝ”**, કૉમ્યુનીટીના તત્કાલિન અને વિષેશ સમાચારો જાણવા માટેની **લોકપ્રિય** વેબ સાઈટ: ***jagadishchristian.com***

**એક અદભૂત બાળક!** –*જોઈસી જોવેટ ક્રિશ્ચિયન (Union City, NJ)*

યશાયાહ પ્રબોધક ધ્વારા લગભગ ૬૦૦થી ૮૦૦ વર્ષ પૂર્વે પ્રભુ ઈસુ ખ્રિસ્ત માટે ભવિષ્યવચન ઉચ્ચારાયું, *"આપણે સારુ દીકરો અવતર્યો છે. આપણને પુત્ર આપવામાં આવ્યો છે"* (યશાયાહ ૯:૬) જીમ ઈરવીન નામે એક એસ્ટ્રોનોટની વાત દાદ માગી લે એવી છે. આ વ્યક્તિને ચંદ્ર પર ડગ ભરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. આવી સાહસિક વ્યક્તિને કોઈકે સવાલ કર્યો, *"મિ. ઈરવીન, તમે તો હકીકતમાં ચંદ્ર ઉપર ચાલવાની તક મેળવી ચૂક્યા છો. શું તમને ક્યારેય કલ્પના હતી કે માનવી એક દિવસ ચંદ્ર પર આમ ચાલી શકે?"* મિ. ઈરવીને નમ્રતાપૂર્વક ઉત્તર આપ્યો, *"માનવી ચંદ્ર ઉપર ચાલે એ આજના ટેકનોલોજી યુગમાં નવાઈ પામવા જેવી બાબત બીલકુલ નથી. બલ્કે ખૂદ ઈશ્વર, જે માનવ તથા સૃષ્ટિના સરજનહાર છે તે જાતે માનવદેહ ધારણ કરી સ્વર્ગના વૈભવને ઠોકરે મારે અને પાપી મધ્યે વાસ કરે, એ વસ્તુ મારે માટે સૌથી આશ્ચર્યકારક બાબત છે."*

દેવ જાતે માનવ બની ગંદી ગભાણમાં જન્મ લે એ કેટલી વિચારવા જેવી બાબત છે! આ ઈસુ દેવપુત્રના જન્મ વખતે ખૂદ દેવદૂતો મોંમાં આંગળાં નાખી આશ્ચર્ય અનુભવી રહ્યા! દૂતગણોએ ગીતગુંજન કરતાં ગાયું, *"પરમ ઊંચામાં દેવને મહિમા થાઓ!"* આ બાળક તો અદભૂત મંત્રી, પરાક્રમી દેવ, સનાતન પિતા, શાંતિનો સરદાર, એ નામોથી ઓળખાનાર દેવછે. જેમનો સમાવેશ આકાશોના આકાશમાં થાય નહિ, એવા મહાન દેવ જે માનવી નમ્ર હૃદય ધરાવે છે તેનામાં રહેવા તત્પર છે. શું તમે તમારા હૃદય સિંહાસન પર તેમને માનનીય સ્થાન આપી શકો?

**"નાતાલ" * "ખ્રિસ્ત જયંતિ"ની સાર્થક ઉજવણી**

*-રેવ. અનિલ પટેલ (Staten Island, New York)*

"આગમન ઋતુ"ના ડિસેમ્બરમાં આવતા ત્રણ રવિવારો બાદ ખ્રિસ્તી આલમમાં આ સૌથી મોટા તહેવારની ઉજવણી કરવામાં આવે છે. "ક્રિસ્મસ" કે "નાતાલ"ના દિવસે સર્વ ઈસુપંથીઓ આરાધના માટે પ્રભુમંદિરમાં એકત્ર મળે છે. આ ખાસ ભજનને "mass" કહે છે. પછી 'ક્રાઈસ્ટ માસ' બની ગયો. અને તે પરથી "ક્રિસ્મસ" થયો. (કોઈ 'ક્રિસ્ટમસ' કહે છે તે ખોટું છે) ઈસુના જન્મોત્સવને "Natal Ceremony"નામ આપવામાં આવ્યું. ઈશ્વરે તેમના પ્રબોધકો મારફતે ઈશ્વરી પ્રેરણાથી અને દૂતો મારફતે પણ કહી જણાવું "જુઓ, કુંવારી ગર્ભવતી થશે, તેને દીકરો થશે, અને તેનું નામ તેઓ "ઈમાનુએલ" પાડશે, અર્થાત 'દેવ આપણી સાથે'. દેવ પોતે માનવ સ્વરૂપ ધારણ કરી, માનવજાતના કલ્યાણ માટે આ પૃથ્વી પર અવતારધારી થયા!

જેઓ પોતાના પાપોની માફી માગે છે, તેઓનો ઉધ્ધાર થાય છે, તેઓના હૃદયમાં દેવ રહેવા આવે છે. જેને લીધે તેઓ પ્રભુ ઈસુમાં નવો જન્મ પામે છે. જેનાથી આપણા હૃદયમાં એટલો બધો પ્રેમ ઉભરાઈ જાય છે કે આપણે એકબીજાને માફી આપતા જઈને તેને દરરોજ વહેંચનાર બનીએ છીએ. આજે સૌ કોઈને પવિત્ર પ્રેમની ખૂબ જરૂર છે. પરસ્પર પૂર્વગ્રહ, અવિશ્વાસ, ગેરસમજ, નાહક આપણાં જીવન વિષમય બનાવી દે છે. વીતેલી વાતોને વિસરીને પ્રભુ ઈસુના પ્રેમમાં આપણે પ્રફૂલ્લિત કેમ ન રહીએ! પ્રભુ ઈસુના જન્મનો આનંદ આપણા અંતરનો ઉમળકોના બને એવી 'નાતાલ પર્વ'ની ફક્ત નિર્જીવ ઔપચારિકતા શા કામની? આજે આપણને પરસ્પર પ્રેમ, આત્મિયતા અને હૂંફની ખાસ જરૂર છે. 'નાતાલ પર્વ'ની ઉજવણીનું આધારવચન-યોહાન ૩:૧૬ પ્રમાણે આપણને પ્રેમનું વરદાન મળ્યું છે, જે આપવા-લેવાથી આપણો આનંદ વધે છે. ઈશ્વરનો શબ્દ "ઈસુ ખ્રિસ્ત" સદેહ એવી રીતે થયો છે કે તેણે આપણા જીવનનું બદલાણ કરી દીધું, આપણને નવું જીવન બક્ષી દીધું. એ જ દેવનો શબ્દ રોજ પવિત્ર આત્મામાં આપણાં જીવનમાં ફેરફાર કરે છે, આપણને આત્મિક તાજગી અને આનંદથી ભરપૂર કરી દે છે. એવા જીવંત પ્રભુ ઈસુના જન્મની આરાધના રોજ કરવાની ઉત્કંઠા કોને ન હોય? આપણી આ જીવંત પ્રતિમામાં ઈશ્વરનો જીવંત શબ્દ વસ્યો છે, તો તેનો આનંદ કોને ન થાય? આપણાં હૃદયોમાં નિરંતર રેડાતો દેવનો પવિત્ર પ્રેમ પરસ્પર વહેવા માંડે તો એવાં જીવનો ધન્ય ધન્ય બની જાય છે! માટે જ આપણી જીવનયાત્રાનો દરેક નવો સૂર્યોદય ઊગે તે સાથે આપણે આગામી "નાતાલ"નો પ્રેમ અને આનંદ પ્રાપ્ત કરતા જ રહીએ અને અન્ય લોકોને આ પ્રેમની વહેંચણી કરીએ!

"નાતાલ"ની 'પ્રેમી સલામ' પાઠવતી વેળાએ આપણા અંતરના શબ્દો લાગણીભીના હશે તો સામી વ્યક્તિ ઉપર સ્નેહવર્ષા થયા વિના રહેશે નહિ. 'નાતાલ મુબારક' પાઠવનારની ભાવનાનો સામેના હૃદયમાં પ્રતિઘોષ થઈ ઊઠશે. પ્રભુ ઈસુના પ્રેમની નવી લાલિમા પ્રજ્જ્વલિત થઈ ઊઠશે. આમ કરવાથી માત્ર ૨૫મી ડિસેમ્બરે ઉમળકાથી કરેલી 'નાતાલ' 'મુબારક' બની રહેવા સાથે પરસ્પર લાગણી અને આનંદ વધવાથી આપણાં વાણી-વર્તન "forgate and forgive" બની જશે!

યાદ રાખો કે, "નાતાલ" આનંદનો તહેવાર છે. ધર્મભાવના જાગૃત કરવાનું પર્વ છે. આભારસ્તુતિ કરવાનો અવસર છે. પૃથ્વી પરના સંબંધો તાજા અને દૃઢ કરવાની સુંદર તક છે. ભૌતિક અને સાત્વિક આનંદ મેળવવાનો આનંદોત્સવ છે. ધાર્મિક તહેવારોની યોગ્ય ઉજવણી આપનાં જીવનમાં નવો પ્રાણ પૂરે એ જ અભ્યર્થના સહ-વાંચક સૌ મિત્રોને "નાતાલ" અને "નૂતન વર્ષ"ની પ્રેમી સલામ-કુશળતા!...

"અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ"ને **ઉદારદિલે દાન આપનાર**ની યાદી આભાર સાથે!
-શ્રી. સત્યદેવ ક્રિશ્ચિયન-શિકાગો-$10/ -શ્રીમતી પુષ્પા તમાસી-શિકાગો -$10/
-શ્રીમતી સરલાબેન ક્રિસ્ટી-શિકાગો-$25/ -શ્રીમતી કુમિદિની સોલંકી-કનેક્ટિકટ-$20/
-શ્રી મોજીસ પરમાર-સ્ટેટન આયલેન્ડ-$26.40 પોસ્ટલ સ્ટેમ્પ્સ.

**બાઈબલ સ્ટડી:નવેમ્બર-ડિસેમ્બર, ૨૦૧૨**

**ભાગ-૧.** કોણ, કોને, કોના માટે કહે છે તે અયૂબ, ગીતશાસ્ત્ર, પ્રે. કૃત્યો તથા ૧-૨ કરિંથના આધારે જવાબ આપો;

**૧)** "તેનામાં આપણે જીવીએ છીએ, હાલીએ છીએ અને હોઈએ છીએ."
**૨)** "જો તમે મને પ્રભુ પ્રત્યે વિશ્વાસુ ગણતા હો તો મારે ઘેર આવીને રહો."
**૩)** તમને મૂલ્ય આપીને ખરીદવામાં આવ્યા હતા, માણસના દાસ ન થાઓ."
**૪)** "કોઈપણ બાબતમાં નિર્ણય અમારા પોતાનાથી થાય એવા અમે યોગ્ય નથી, અમારી યોગ્યતા દેવ તરફથી છે."
**૫)** "માણસ કોણ માત્ર છે કે, તે નિષ્કલંક હોય અને સ્ત્રીજન્ય (એવો કોણ છે?) કે તે નેક હોય."
**૬)** "તેઓ સૌ માર્ગભ્રષ્ટ થયા છે; તેઓ પૂરેપૂરા મલિન થઈ ગયા છે, સત્કાર્ય કરનાર કોઈ નથી, ના એક પણ નથી."

**ભાગ-૨. ખાલી જગ્યા પૂરો;**

**૧)** યહોવાહનો સેવક યહોશુઆ એકસો દસ વર્ષનો થઈને મરણ પામ્યો. તેના વતનની હદમાં એફ્રાઈમના પહાડી મુલકમાં તેને ____ ____ દફનાવ્યો.
**૨)** ત્યાં ગિદિયોનને યહોવાહને સારુ વેદી બાંધીને તેનું નામ ____પાડ્યું.
**૩)** ગિદિયોનને એક ઉપપત્ની હતી, તેને એક દીકરો હતો તેનું નામ ____ હતું.
**૪)** બેથેલની ઉત્તરે તથા બેથેલથી શખેમ જવાના રાજમાર્ગની પૂર્વ બાજુ તથા લબાનોહની દક્ષિણે આવેલા ____ માં વરસોવરસ યહોવાહનું પર્વ પાળવામાં આવે છે.
**૫)** મીખાહે ____ પ્રતિષ્ઠા કરી, ને તે જુવાન તેનો પુરોહિત થઈને મીખાહના ઘરમાં રહ્યો.

**બાઈબલ સ્ટડી:સપ્ટે-ઓક્ટોબર ૨૦૧૨ના સાચા જવાબો આપનાર વિજેતા:**

૧) શ્રીમતી કુમુદિની સોલંકી-કનેક્ટિકટ, ૨) શ્રીમતી દયાબેન પરમાર- કેલિફોર્નિયા, ૩) શ્રીમતી ભાનુ ક્રિસ્ટી- કેલિફોર્નિયા, ૪) શ્રીમતી વીરબાળા ક્રિશ્ચિયન-ન્યુ જર્સી, ૫) શ્રીમતી સ્ટેલ્લા પરમાર-ન્યુ જર્સી. સૌ વિજેતાઓને હાર્દિક અભિનંદન!

**"નાતાલ" આવી!** –*ઈલા જોબર્ટ ક્રિશ્ચિયન (Union City, NJ)*

આજે તો ગુજરાતી મહિના અને ઋતુઓ હેમંત, શરદ, શિશિર, ગ્રીષ્મ, વર્ષાનાં નામ પણ ભૂલાઈ ગયાં છે. ઠંડી પડતાં પહેલાં પશ્ચિમનાં પશુપક્ષી, માછલીઓ સલામત જગ્યાએ સ્થળાંતર કરી જાય છે. તેમને મોસમ બદલાયાની ખબર હોય છે. પણ યંત્રમાં ઢળેલા માનવે ઠંડી-ગરમીને 'હીટર' અને 'એરકંડીશનર'માં કેદ કરી કુદરતથી દૂર થઈ ગયા છે. શરદ પૂનમની રાત ઓક્ટોબર ૧૯, ૨૦૧૨, ચાંદો પૂરબહારમાં ખીલ્યો અને ચાંદનીએ પૃથ્વીને દરિયાની સપાટી પર ચમકાવી દીધી. શરદઋતુના પવનના સુસવાટા અને ગર્જના સંભળાવા લાગ્યાં. દરિયો ચાંદનીને જોઈને હિલોળે ચડ્યો. ત્યાં તો ટી.વી. પર સમાચારોની વણઝાર લાગી ગઈ. હરિકેન 'સેન્ડી' આવી રહ્યું છે. લોકોને સતત ચેતવણી અપાઈ. દરિયાની નજીકનાં 'ટાઉનો' ખાલી કરાવી લોકોને 'શેલ્ટરો'માં આશરો અપાયો. ખાવાપીવાની વસ્તુઓ માટે 'સ્ટોરો'માં ભીડ થઈ. ૮૫-૯૦માઈલની ઝડપે પવન ફૂંકાવા લાગ્યો. મદોન્મત્ત હાથીની માફક દરિયો ઝૂમવા લાગ્યો. એકા એકથી ઊંચાં દરિયાઈ મોજાં પથ્થર, પહાડો અને દરિયાકાંઠા સાથે ટકરાઈ બમણા જોરથી પાછાં વળતાં પાણી વિનાશ વેરતાં જતાં હતાં. કહેવાય છે કે, 'દરિયો પોતાની હદ ન ઓળંગે.' માથ્થી ૭:૨૬-૨૭ *'જેણે રેતી ઉપર ઘર બાંધ્યું હતું, વરસાદ તૂટી પડ્યો, પૂર ઊમટ્યાં, પવના સુસવાટા કરતો તે ઘરને થપાટો મારવા લાગ્યો, અને કડડભૂસ કરતું તે તૂટી પડ્યું.'* ચોખી ચેતવણી આપી હતી કે, રેલ આવશે, સપાટા લાગશે, જેનાથી બધું હતું નહતું થઈ જશે. પણ આજના ટેલનીકલ માનવે જંગી સાધનોની મદદથી દરિયા સાથે બાથ ભીડી, પૂરાણો કરીને મોટી ઈમારતો વસાવી, પણ 'હરિકેન સેન્ડી'ના



"American Christian news" published since 1988, under "Gujarati Christian Church"
*(A not-For-Profit organization registered under the laws of the State of New Jersey, USA Estd. 1988)*

વાવાઝોડા સામે ઈમારતો, 'બોર્ડવોક' અને 'બીચ' ઉપરની વસાહતો હતી નહતી થઈ ગઈ. ચારે તરફ તબાહી અને તારાજી સર્જી, પળભરમાં લોકોને બેઘર બનાવી દીધા. 'કારો' અને મોટી 'ટ્રકો' અને ઘરવખરી પાણીમાં તણાઈ, ડૂબી અને ઈમારતો નાશ પામી. અમેરિકા જેવા સમૃધ્ધ દેશમાં પાણી, 'લાઈટ', 'હીટ', અને 'એલીવેટર' વગર ઊંચાં 'બિલ્ડીંગો' ઝીણી 'લાઈટ'ના પ્રકાશે ચડ-ઉતર કરતા. 'પેટ્રોલ' માટે લાંબી લાઈનો. અમેરિકાનું ધબકતું જીવન ખોરવાઈ ગયું. પણ અઠવાડિયામાં ગવર્મેન્ટ હેલ્પ, અસરગ્રસ્ત ડિસએબલ, સીનિયર સીટીઝનો અને ઘવાયેલાંઓની કાળજી લેવાઈ. કરૂણ સ્થિતિમાં આશ્વાસન અને હૈયાધારણ મળી. લોકોએ એકબીજાને મદદ કરવા પોતાનાં ઘરો ખોલ્યાં, ખોરાક પૂરો પાડ્યો, તંગીમાં પણ એકબીજા સાથે વહેંચ્યું. પ્રભુના પ્રેમનો સ્રોત વહાવી પ્રેમનો માર્ગ અપનાવ્યો. પણ પ્રેમ ઘણું બધું આપે છે! પ્રેમ તો પ્રભુનો! *'દેવે જગત પર એટલી પ્રીતિ કીધી કે, પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો!'*

દરિયાને વર્ણવા શબ્દો નહિ, સંવેદના જોઈએ. તરસ્યો ખારો સમુદ્ર શાંત થઈ પાછો પોતાની હદમાં આવી ગયો. ઘણું બધું પોતાનામાં સમાવી દીધું. સાથે સાથે ગાલિલના સમુદ્રની વાત યાદ આપી ગયું. જ્યાં ઈસુએ પીતર ને યોહાન જેવા માછીમારોને તેડ્યા અને પોતાનું સર્વસ્વ છોડી તેના આહવનને પામી તેનામય બની ગયા. તેમના જીવનમાં પણ 'સેન્ડી' જેવા ઝંઝાવાતો આવ્યા, ઈસુને વેચી દીધો, નકાર પણ કર્યો. પણ પાછળથી પસ્તાવો કરી તે જ પીતરે ઈસુ માટે પોતાનું અસ્તિત્વ પ્રભુમાં એકાકાર કરીને તેને પામી લીધો. સંત થોમસ એક્વેનાસના શબ્દોમાં કહીએ તો 'ઈશ્વર સાથે સંકળાયેલા હોઈએ તો પ્રભુ તરફ લોહચુંબકની જેમ ખેંચાઈએ છીએ.' જ્યાં સુધી તેની સાથે ભળી જતા નથી ત્યાં સુધી ખાલીપામાં ઝૂરવું પડે છે. ખેતરમાંથી પાક લણાયા બાદ અને તહેવારોના આનંદ પછી સૂનકાર અને પીડાકારક પરિસ્થિતિ પ્રભુની ગમ લાવે છે. પ્રભુ સાવ નજીક છે. બાંહો પ્રસારી તેનામાં ભળી જવા આહવન આપે છે. યૂનાની જેમ તોફાન અને ઝંઝાવાતોથી નાસી જઈ પાછા આવવું પડે છે. યૂનાએ માછલીના પેટમાં પ્રાર્થના કરી. યૂના ૨:૯ તારણ યહોવાથી જ છે. સમુદ્રની ભીતર ફેંકાયો, પણ પ્રભુને આધીન થઈ તેમાં ભળી ગયો. સંકટમાં ગર્જેલા મોજા આગળ 'આંખા આડા કાન ન કરીએ.' આપણાં સાથી ડૂબી ન જાય તેની કાળજી રાખીએ. ધીરજ અને આશ્વાસન આપી મદદરૂપ બનીએ.

આખું વિશ્વ "નાતાલ" ઉજવવા થનગની રહ્યું છે. પશ્ચિમના દેશોમાં જલ્દી અંધારું થાય,પણ ચારે તરફ રોશની અને પ્રકાશનો પૂંજનો ઢગલો થઈ જાય. આ પ્રકાશ ઈસુના જન્મની વધાઈ માટે છે. વધસ્તંભે લટકેલા ને ગભાણે જન્મેલા પ્રભુને પામવા અને તેનામાં ઓગળબવા જ્યાં અંધકાર છે ત્યાં મિણબત્તી સળગાવીએ. 'તમે જગતનું અજવાળું છો.' પોતે દીવારૂપ બની તેની દિવ્યતા પોતાના જ અંતરાત્મામાં જગાવીને તેને હૃદયમાં સ્થાન આપી, વિશ્વાસ, આશા, શાંતિ અને પ્રેમની મિણબત્તી સળગાવીએ અને મધ્યમાં જલતી ઈસુની મિણબત્તીથી પ્રકાશ પામીએ. ગાલિલવાસીઓએ પ્રભુનો જન્મ, મરણ અને સજીવનથી સ્વર્ગગમન જોયું, તેમ પ્રે. કૃત્યો ૧:૧૧ 'ન્યાયાધીશ તરીકે પાછો આવતાં જોઈશું.' શેતાનરૂપી 'સેન્ડી' ગાજનાર સિંહની જેમ પૃથ્વી પર વિનાશ સર્જી જાય છે. ત્યારે પ્રાર્થીએ કે, આપણે દેવના છીએ. ૧ યોહાન ૫:૧૯ સર્વદા દેવનાં બાળકો બનીએ. પ્રાર્થીએ અને કાયર થઈએ નહિ. પ્રેમ વિનાનું જીવન અધૂરપની નિશાની છે. પ્રેમ વહેંચીએ. ઈસુએ વિરોધીઓને ક્ષમા અને પ્રેમ આપ્યાં તેમ આપણા માટે પ્રેમનું આ પર્વ આનંદદાયક, ગૌરવવાન પર્વ બની જાય. પ્રેમ બલિદાન માગે છે. સઘળું સહન કરે છે. ૨ કરીંથ ૧૩:૧-૧૩ ઈસુએ સર્વસ્વ ન્યોછાવર કરી આપણને "નાતાલ" પર્વે સંપૂર્ણ પ્રેમ આપ્યો છે, તેના પ્રેમમાં ભીંજાઈને ઓગળી જઈએ!

જેવા છો તેવા પ્રથમથી અંત સુધી કોઈ તમને ચાહે છે,
ઓગળી મિણબત્તીની જેમ તમને પ્રકાશ આપે છે.
"નાતાલ"પર્વે સાંધો પાષાણ હૃદયના તાર કોમળ હૃદય સાથ!

---

વીટીયર, કેલિફોર્નિયાથી શ્રી ઈમુભાઈ ક્રિશ્ચિયન લખી જણાવે છે કે;

સપ્ટેમ્બર-ઑક્ટોબર ૨૦૧૨ના "અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ"ના બીજા પાન, ત્રીજી કોલમમાં આ વાક્ય લખવામાં આવ્યું છે કે, 'આ ન્યુઝમાં ફલાણાં બેન કે ભાઈના જ લેખ આવે છે.' જેના જવાબમાં એમ જણાવવામાં આવ્યું કે, "તમે લખીને મોકલો, એકાદ લેખ લખી જુઓ, પછી ટીકા કરો." આ ઉપરથી જાહેર થાય છે કે, "અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ" વાંચકો બહુ ઝીણવટપૂર્વક વાંચે છે. મને લાગે છે ત્યાં સુધી ટીકાકારોની કલમમાં કરામત નથી, જેથી તેઓ લખી શકતા નથી. કદાચિતને એમનાં લખાણોમાં કંઈક ઊણપ દેખાતી હશે, તેથી તેઓ પીછેહઠ કરે છે. આમાં કંઈ નવાઈ જેવું નથી-જેથી આવી ટીકા પર બેચેની અનુભવી શકાય. એક મીશાલ છે કે, "હાથી તો અપની ચાલ ચલે, ઔર કુત્તે ભોંકતે રહે" હાથીને પરવા નથી, પરંતુ કૂતરા હાથી પાસે આવવાની હિંમત કરતા નથી. "બાઈબલ" સાફ જણાવે છે, *"તેઓના ફળથી તમે તેઓને ઓળખશો."* (માથ્થી ૭:૧૬-૨૦) *'સારું માણસ મનના સારા ભંડારમાંથી સારું જ કાઢે છે.'* (માથ્થી ૧૨:૩૫, લૂક ૬:૪૫) જ્ઞાની પોતાના જ્ઞાનભંડારમાંથી બીજાંઓને ઉત્તેજન મળે, અને સુંદર વિચારોની ખૂશ્બુની લોકો મઝા માણે એ જ હેતુ હોય છે. એમનાં 'વચન' હંમેશાં ઉત્તમ વિચારોથી ઉભરાય છે, અને એમના જ્ઞાનનો પ્રવાહ નિત્ય વહેતો જ રહે છે. એક નાના ગુલાબ અથવા મોગરાને સારી માવજત કરીશું તો જ તેટલું જ વિકાસ પામે છે અને સુવાસ ફેલાવે છે.

પ્રભુના શબ્દો સુંદર શબ્દો, અજબ શબ્દો.જીવંત શબ્દો, આ શબ્દોમાં ઈશ્વરનું સામર્થ્ય દેખાય આવે છે. *'ભૂંડાથી તું હારી ન જા, પણ સારાથી ભૂંડાનો પરાજય કર.'* (યોહાન ૧૨:૨૯) Jesus said that, when they persecuted me, they will also persecuted you-John 15:20 જ્યારે તેઓએ મને પરેશાન કરવામાં બાકી રાખી નથી તો તમને પરેશાન કરે એમાં કોઈ નવાઈ નથી. આમેન!

---

**વિશ્વાસી મિત્રો જાગો!** *-પ્રો. આઈ. એચ. ડાભી (Atco, NJ)*

'ફસલ પુષ્કળ છે.' આપના પ્રભુ ઈસુ તારનાર મસિહે જો આપણને આદેશ આપ્યો હોય તો તે એ છે કે, *'એ માટે તમે જઈને સર્વ દેશનાઓને શિષ્ય કરો, બાપ તથા દીકરા તથા પવિત્ર આત્માને નામે તેઓને બાપ્તિસ્મા આપવા જાઓ.'* માથ્થી ૨૮:૧૯ તેણે તેઓને કહ્યું કે, 'આખા જગતમાં જઈને આખી સૃષ્ટિને સુવાર્તા પ્રગટ કરો.' માર્ક ૧૬:૧૫, આ પપ્રત્યેક સાચા વિશ્વાસીની ફરજ છે. આજે જગતમાં વિશ્વાસી પ્રજા અને વિશ્વાસી (ખ્રિસ્તી) દેશો-રાષ્ટ્રો સુખી છે. કારણ કે, આપના પ્રભુ, આપની સંભાળ, કાળજી, દરકાર લેનાર પ્રભુ કદી ઊંઘતા નથી, અરે! આપણા પ્રભુ ક્યારેય મટકું પણ મારતા નથી. ઈશ્વરપિતાએ આપણા માટે પોતાના એકાકીજનિત દીકરાને પણ પાછો રાખ્યો નહિ. પણ આપણાં પાપોની ખંડણી માટે જગતની વેદી પર વધસ્તંભના ક્રૂર મરણને સોંપ્યો. એ પ્રભુ માટે આપણે શું કર્યું છે? એ વિચારવાનો સમય આવી પહોંચ્યો છે.

આજે આપણા દેશ ભારત અને આપણા ગુજરાત રાજ્યના અંતરાળ આદિવાસી વિસ્તારમાં પ્રભુ ઈસુની સુવાર્તા જોરશોરથી ફેલાઈ રહી છે. પશ્ચિમ વિસ્તારમાં આપણી આંખો ઊંચી કરીને જોઈએ તો, "જુઓ, હું તમને કહું છું કે, તમારી આંખો ઊંચી કરીને ખેતરો જુઓ કે તે કાપણીને સારુ પાકી ચૂક્યાં છે. યોહાન ૪:૩૫. ઈસુ પોતાના શિષ્યોને કહે છે કે, 'ફસલ પુષ્કળ છે ખરી. માથ્થી ૯:૩૭ આવા સમયે આપણે ઊંઘતા રહીશું તો ન્યાયકાળે પ્રભુ કહેશે કે, "પ્રભુ પ્રભુ કહેનારા હું તમને ઓળખતો નથી. અને તે દિવસે રડવું તથા દાંત પીસવું થશે."

ત્યારે સમય છે. ગુજરાતમાં સખ્ત પ્રતિબંધ હોવા છતાં હજારો ભાઈબેનો પ્રભુ ઈસુનો અંગત તારનાર તરીકે સ્વીકાર કરે છે. આપણા મિશનરીઓ તદન નગણ્ય વેતનમાં અને તદન ટાંચાં સાધનોને આશરે પોતાના જીવને મુઠ્ઠીમાં લઈને આ પછાત વિસ્તારમાં સુવાર્તા પ્રગટ કરી રહ્યા છે. આવા સમર્પિત મિશનરી ભાઈબેનો ખરેખર ધન્યવાદને પાત્ર છે. ન્યાયકાળે પ્રભુ ઈસુ પોતાના હાથે કદીપણ કરમાઈ ન જનાર મુગટથી વિભૂષિત કરશે!

મારી ઈચ્છા ન હોવા છતાં અને મને ગમતું નથી છતાં છેલ્લાં પાંચ વર્ષથી હું અહીં અમેરિકામાં રહું છું. આ પાંચ વર્ષમાં હું મારા ગુજરાતના પેન્શન પર પાંચ વખત મિશનરી કાર્ય માટે ગુજરાતમાં ગયો છું. ગુજરાતમાં ગરીબ ખ્રિસ્તી ભાઈબેનો, હોસ્ટેલોના ગરીબ વિદ્યાર્થીઓ, લેપ્રસીગ્રસ્ત લોકોને ઓછા વેતનથી પ્રભુની સુવાર્તા સાથે સેવા આપતા મિશનરીઓ સાથે કામ કરવાની મને તક મળે છે. હું પ્રભુ ઈસુનો આભાર માનું છું કે, મને મિશનરી હૃદય આપ્યું છે, જેથી અહીં અમેરિકામાં પણ સોમથી શુક્રવાર સુધી અનુભવને આધારે મિશન કાર્ય કરું છું.

ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં કોઈ ખેતરના ઝાડ નીચે અથવા કોઈ વિશ્વાસીના ઘરની પરસાળ-ઓસરીમાં બેસીને પ્રભુ ઈસુનાં ભજન કરે છે. ત્યાં પ્રભુની કૃપાથી અને પાંચ મિત્રોએ અંગત ખર્ચથી માદલબરી, કોદમાલ, કાસ્ટુનિયા અને બીજા બે વિસ્તારોમાં પ્રભુમંદિર બનાવી શક્યા છીએ. ત્રણ હજાર-$3,000/માં તો ૬૦-૭૦ સભાજનો બેસીને ભજન કરી શકે એવાં પાકાં પ્રભુમંદિરો તૈયાર થાય છે. ન્યુ જર્સીના મેથોડિસ્ટ મંડળીના એક પાળક સાહેબ વેસ્લી હોકે પણ પણ કાસ્ટુનિયામાં ત્રણ હજાર-$3,000/માં પ્રભુમંદિર બંધાવીને તા. ૧૪ ઓક્ટોબર, ૨૦૧૨ના રોજ સ્થાનિક સભાજનોને અર્પણ કર્યું. જેમની પાસે પ્રભુનું હૃદય છે અને પોતાના તારનાર માટે સેવા અને સુવાર્તાનું કાર્ય કરવાની કે પોતાનાં અર્પણો આપવાની હોંશ કે તમન્ના હોય તેઓ આ ઉમદા અમૂલ્ય તકને ઝડપીને સેવાકાર્યમાં સહયોગ આપે. આવો, આપણે હાથમાં હાથ મિલાવી સેવાની સાંકળ રચીએ 

"American Christian news" published since 1988, under "Gujarati Christian Church"
*(A not-For-Profit organization registered under the laws of the State of New Jersey, USA Estd. 1988)*

કે ન્યાયકાળે આપણને આપણને સારા અને વિશ્વાસુ ચાકરનું બિરુદ આપે! તારણના તંબુના ખીલા જગતના છેડા સુધી ઠોકવા હશે તો કમર કસી આગળ વધવું પડશે. પહેલાં તો વિદેશથી ગુજરાતમાં આવતા ઉચ્ચ શિક્ષણ પામેલા મિશનરીઓ પ્રભુને ચરણે સર્વસ્વ સમર્પિત કરી આત્માઓ જીતી રહ્યા હતા. આજે આદિવાસી વિસ્તારોમાં ૬૦-૭૦ ભાઈબેનો સમૂહમાં પ્રભુનું ભજન કરે તેવાં પ્રભુમંદિરોની જરૂર કછે. આ સેવા-સુવાર્તાના યજ્ઞમાં જોતરાઈને પ્રભુને ભજીએ!

* "સેન્ડી હરિકેન"થી કોઈ ખ્રિસ્તી પરિવાર અસરગ્રસ્ત થયાના હેવાલ મળ્યા નથી. પ્રભુનો આભાર! તેમ છતાં તે અંગે વિગત હોય તો "અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ"ને લખી મોકલવા કે ફોન કે ઈ-મેલથી જાણ કરવા વિનંતી!

* વિસ્કોસીનમાં વસતા રીટાબેન અને રૂઝવેલ્ટ ક્રિસ્ટીના એકના એક દીકરા રીચી કાર એક્સીડન્ટમાં ઓક્ટોબર ૧૩, ૨૦૧૨ના રોજ પ્રભુમાં પોઢી ગયાના આઘાતજનક સમાચાર છે. ન્યુ જર્સીમાં તેનાં અંતીમ દર્શન અને દફનવિધિમાં સેંકડોની સંખ્યામાં સગાંસંબંધી, મિત્રો-શુભેચ્છકો જોડાયાં હતાં. પ્રભુ દુ:ખી માતાપિતા-સ્વજનોને સાંત્વન અને આત્મિક દિલાસો બક્ષે અને સદગત રીચીના આત્માને શાશ્વત શાંતિ બક્ષે તેવી પ્રાર્થના! પોતાની પ્રાર્થનામાં દુ:ખીજનો માટે યાચના કરશોજી!

* "ફર્સ્ટ અમેરિકન દેશી ચર્ચ", 687 New Dover Road, Edison, NJ 07720 તરફથી તમામ ભારતીયોને દર રવિવારની 11:30થી 1:00 વાગ્યાની પ્રાર્થનામાં જોડાવા આમંત્રણ પાઠવવામાં આવે છે. આ સંસ્થા "ટેલિફોન પ્રેયરલાઈન મિનિસ્ટ્રી" ચલાવે છે, જેમાં જોડાવા તથા 732-432-5292 પર અને ચર્ચમાં સહભાગી થવા 845-598-9831, 432-614-4422, 732-900-3803 પર સંપર્ક સાધશોજી!

* ઓક્ટોબર 1, 2012થી નવેમ્બર 15, 2012 સુધીનો સમય-કાળ- 'ટાઈમ પીરિયડ' 2013 માટે HMO બદલવાનો 'ઓપન એનરોલમેન્ટ પીરિયડ' છે. હાલનો પોતાનો HMO જે એજન્સીનો હોય તે પોતાને ફાવતો અને પોતાની આરોગ્ય જરૂરીયાતોને અનુકૂળ હોય તો બદલવાની જરૂર નથી. આ 'ઓપન એનરોલમેન્ટ પીરિયડ' વર્ષમાં એક જ વખત HMO બદલવા માટે હોય છે. જો કે, "મેડિકેઈડ" અને "મેડિકેર"-બંને હોય તો HMO ગમે ત્યારે બદલી શકાય છે, જ્યારે ફક્ત "મેડિકેર"ના લાભાર્થી દર વર્ષે આ ઓપન સમય ઓક્ટોબર 1,થી નવેમ્બર 15 દરમ્યાન જ બદલી શકે છે.

* * Part D-પ્રિસ્ક્રીપ્શન ડ્રગ પ્લાનની એજન્સી બદલવાનો "ઓપન એનરોલ્ડમેન્ટ પીરિયડ" 7 Decembar, 2012ના રોજ પૂરો થાય છે. યાદ રહે; **ફક્ત Medicare હેલ્થ ઈન્સ્યોરન્સ ધરાવનાર** દર વર્ષે October 15 થી December 7 વચ્ચેના સમયગાળા દરમ્યાન જ **Part D** એજન્સી બદલી શકે છે.

* 15 નવેમ્બર 2012નો દિવસ "Great American Smokeout" તરીકે ઉજવાય છે. અમેરિકામાં 47 મિલિયન-૪ કરોડ ૭૦ લાખ લોકો 'સ્મોકીંગ' કરે છે, જેની સામે 48 મિલિયન-૪ કરોડ ૮૦ લાખ લોકોએ 'સ્મોકીંગ'ની ટેવ છોડી દીધી છે. ધૂમ્રપાનથી જીવલેણ રોગો લાગુ પડે છે. ધૂમ્રપાન ત્યજવાથી થતા મુખ્ય ફાયદા:- અમુક પ્રકારના કેન્સરનું જોખમ ઘટે. –'હાર્ટ' અને 'લન્ગ્સ'ના રોગો થતા અટકે, શ્વાસોચ્છ્વાસની ખરાબ ગંધ ના આવે, દાંતની સફેદી જળવાઈ રહે, સામાન્ય રીતે તંદુરસ્તી સારી રહે અને પૈસાની બાબતે ખર્ચ ઘટે તેથી બચત થાય. ધુમ્રપાન કરનારને તો નુકસાન ખરું જ પણ તેઓના સંપર્કમાં આવનારને પણ રોગ થવાનો 100% સંભવ રહે છે!

સપ્ટેમ્બર, ઓક્ટોબર, નવેમ્બર અને **ડિસેમ્બર 2012 વિઝા બુલેટીન**

| **ફેમિલિ કેટેગરી** | સપ્ટેમ્બર-12 | ઓક્ટોબર-12 | નવેમ્બર-12 | **ડિસેમ્બર 12** |
|---|---|---|---|---|
| **F-1** | 01 Oct.-05 | 08 Oct.-05 | 01 Nov-05 | **01 Dec-05** |
| **F-2 A** | 08 May-10 | 01 June-10 | 15 July-10 | **22 Aug-10** |
| **F-2 B** | 15 Sep.-04 | 15 Sep.-04 | 08 Oct-04 | **15 Nov-04** |
| **F-3** | 15 May-02 | 22 May-02 | 01 Jun-02 | **08 Jun-02** |
| **F-4** | 08 Mar-01 | 15 Mar.-01 | 22 Mar-01 | **01 Apr-01** |

**પાછળના ત્રણ મહિનાની વિગત એટલા માટે રજૂ કરી છે કે, પાંચેય કેટેગરી દર માસે આગળ વધે છે કે નહિ? વધે છે તો કેટલી તે સમજીને વિઝા માટે અંદાજ કરી શકાય.**

**From:-AMERICAN CHRISTIAN NEWS**

Community Paper soliciting your Co-operation
**I.D. # 11-2917985 August 28, 1988**
**"Gujarati Christian Church"**
17, Dart Mouth Ave, Avenel, NJ 07001-1804
**Phone # (732) 750-4064**

બાજુમાં આપેલા કોઠા મુજબ **ડિસેમ્બર-2012ની વિઝાની વિગત** નીચે મુજબ છે:-

**F-1**-અમેરિકન સીટીઝનનાં અપરણિત સંતાનો-**01 December, 2005**
ગયા માસથી **30 દિવસ આગળ** વધી, એટલે આ કેટેગરી હજી ધીમી ગણાય.
(યુએસ સીટીઝનનાં પતિ/પત્ની, માતા/પિતા, અપરણિત સંતાનો આ કેટેગરીમાં)

**F-2 A** ગ્રીનકાર્ડધારકનાં પતિ/પત્ની અને **21 વર્ષથી ઓછી ઉંમરનાં અપરણિત** સંતાનો- **22 August, 2010** (ગયા મહિનાથી **38 દિવસ** આગળ ગઈ છે)

**F-2 B**– ગ્રીનકાર્ડધારકનાં પતિ/પત્ની અને 21વર્ષથી વધુ ઉંમરનાં **(અપરણિત)** સંતાનો-**15 November, 2004** (ગયા મહિનાથી **38 દિવસ આગળ વધી** છે.)

**F-3**–અમેરિકન સીટીઝનનાં **પરણિત** સંતાનો-**08 June, 2002**
(આ કેટેગરી ગયા મહિનાથી **ફક્ત 7 દિવસ આગળ વધી** જે તદન **ધીમી** છે)

**F-4**–US **સીટીઝનનાં** ભાઈ/બેન, ઓરમાન ભાઈ/બેન-**01 April, 2001**
(ગયા મહિનાથી **ફક્ત** 9 **દિવસ જ ધીમી આગળ વધી છે**, ખરેખર તો અગાઉ જ્યાં પહોંચી હતી, ત્યાંથી હજી **07 મહિના 25 દિવસ પાછળ** જ છે, તેથી હજી **ધીમી** છે)

**આ મહિને બધી કેટેગરી ધીમી છતાં આગળ વધી છે**, *uscis.gov* ઉપર મૂકાયેલી છેલ્લામાં છેલ્લી માહિતી આખરી ગણવી. પોતાનાં બ્લડ રીલેશન-લોહીનાં સગાંની ફાઈલ **એપ્રુવલ તારીખે** ક્યારે પહોંચશે, તે વિઝા બુલેટીનથી જાણી શકાય. ઉપરોક્ત માહિતી વાચકોની વિનંતીથી રજૂ કરાય છે, પોતાનાં **સગાંની વિઝા ફી ચૂકવી હોય તો** બીજાં પેપરોની રાહ જોયા વિના **સ્પોન્સરશીપનાં પેપરો યુએસ વિઝા સેન્ટરમાં મોકલી દેવાં** પણ **વિઝાકોલ આવ્યા બાદ સગાંને મોકલવાં** હિતાવહ રહેશે. બધી ફેમિલિ કેટેગરી ચાલુ જ છે, 'બ્લડ રીલેશન'-લોહીના સંબંધે પતિ/પત્ની, ભાઈ/બેન, દીકરા-દીકરી, માતા/પિતાની-બધી જ ફાઈલો ચાલુ જ છે.

"યુએસ સીટીઝશીપ ગાઈડ" **મોટા અક્ષરમાં** ઈંગ્લીશ અને ગુજરાતીમાં તૈયાર કરેલી છે. ગાઈડમાં **બીનજરૂરી વાચનબોજ નથી**, તેથી અમેરિકાનાં **50-પચાસે રાજ્યોમાં** ઘણી લોકપ્રિય છે. આ **ગાઈડ** અને **"ન્યુજર્સી ડ્રાઈવિંગ ગાઈડ"** પણ ઈઝલીન, ન્યુ જર્સીમાં "પટેલ વિડિયો", 'સંગીત", "બુટાલા એમ્પોરિયમ" (ફ્લશિંગ અને ન્યુયોર્ક) અને "ગુજરાત દર્પણ"ની ઓફિસે તથા **"પટેલ વિડિયો"-જર્સી સીટી**માં મળે છે. આ ગાઈડના ઉપયોગથી **ઈન્ટરવ્યુમાં સહેલાઈથી પાસ થઈ જવાનો વિશ્વાસ** જાગે છે. $8.00નો ચેક કે મની ઑર્ડર **Josh Foundation** નામે લખીને 45cની **ચાર પોસ્ટ-સ્ટેમ્પ્સ** મૂકી, એક ચિઠ્ઠીમાં નામ, સરનામું અને ફોન નંબર સારા અક્ષરે અંગ્રેજીમાં લખીને-**Josh Foundation, 144 Strawberry Hill Ave, Woodbridge, NJ 07095** સરનામે મોકલવાથી **10**–દસ દિવસમાં આપને મળી જશે. (આ ચેરીટી સંસ્થા હોઈ, ગાઈડની તમામ આવક દાન-ધર્માદા કાર્યોમાં વપરાય છે, જેથી $8.00ના બદલે ઉદાર દિલે વધુ રકમનો ચેક લખીને "જોશ ફાઉન્ડેશન"ના સેવાયજ્ઞમાં સહભાગી થશોજી! ઘણાખરા ઉદાર દિલે $11-$100 અને તેથી વધુ દાન મોકલે છે, તેવા ઉદાર સખાવતીઓનો "જોશ ફાઉન્ડેડેશન" આભાર માને છે! અને દાતાઓને સુખ, સમૃધ્ધિ અને પ્રગતિ બક્ષે તેવી પ્રભુને પ્રાર્થના કરે છે! ("ન્યુ જર્સી ડ્રાઈવિંગ ગાઈડ", જે અંગ્રેજી-ગુજરાતીમાં છે, *(જેની **નવી આવૃત્તિ** સુધારા-વધારા સાથે **બધાં રાજ્યોમાં ઉપયોગી** તેવી **પ્રસિધ્ધ થઈ છે.)*** તે મંગાવવા ***$5.00*** *ઉમેરવા*, **સવારના 10 પહેલાં** અને સાંજના 7 **પછી** ફોન કરવો નહિ.

સૌ વાંચકોને "નાતાલ મુબારક" અને "નૂતન વર્ષ"ની હાર્દિક શુભેચ્છા!

**To,**



"American Christian news" published since 1988, under "Gujarati Christian Church"
*(A not-For-Profit organization registered under the laws of the State of New Jersey, USA Estd. 1988)*